૧૨ મું નિસ્પૃહતા — શ્લોક: ૫

સ્પૃહાવન્તો વિલોક્યન્તે, લઘવસ્તૃણતૂલવત્
મહાશ્ચર્યં તથાપ્યેતે, મજ્જંતિ ભવવારિધૌ

શબ્દાર્થ: સ્પૃહાવન્તઃ = સ્પૃહાવાળા, તૃણતૂલવત = તણખલા અને આકડાના રૂની જેમ, લઘવઃ = હલકા, વિલોક્યન્તે = દેખાય છે, તથાપિ = તો પણ, એતે = તેઓ, ભવવારિધૌ = સંસાર સમુદ્રમાં, મજ્જન્તિ = ડુબે છે, મહાશ્ચર્યં = મોટું આશ્ચર્ય છે.

શ્લોકાર્થ: સ્પૃહાવાળા જીવો, તણખલા (તૃણ) અને આકડાના રૂની જેમ (તૂલવત્) હલકા દેખાય છે, તો પણ તેઓ સંસાર-સમુદ્રમાં ડૂબે છે એ મોટું આશ્ચર્ય છે.

ભાવાર્થ: જે આત્માઓ સ્પૃહાવાળા હોય છે તે પૌદ્ગલિક પદાર્થોની અને તેનાથી પ્રાપ્ત થતાં ભૌતિક સુખોની ઈચ્છામાં જ ઓતપ્રોત હોય છે. જેની પાસેથી ભૌતિક સુખો પ્રાપ્ત થવાની સંભાવના દેખાય તેના પ્રત્યે દીનતા - લાચારી દેખાડે છે. આવા જીવો ઘાસના તણખલાની જેમ અને આકડાના રૂની જેમ અતિશય હલકા, તુચ્છ વૃત્તિવાળા, ગરીબડા થઈને ભીખ માંગતા, યાચના કરતા દેખાય છે. શાસ્ત્રમાં તો એમ પણ કહે છે:

તૂલં તૃણાદપિ લઘુ, તૂલાદપિ હિ યાચકઃ
વાયુના કિં ન નીતોઽસૌ, મામપિ પ્રાર્થયિષ્યતિ

અર્થ: તૃણથી આકડાનું રૂ હલકું છે અને આકડાના રૂથી પણ હલકો યાચક છે. તો પણ "મારી પાસે માંગશે" એવા ભયથી વાયુ તેને ખેંચી જતો નથી.

ઘણું જ આશ્ચર્ય થાય છે કે પાણીમાં હલકી વસ્તુ તરવી જોઈએ, પરંતુ સ્પૃહાવાળા જીવો હલકા હોવા છતાં સંસારરૂપી સમુદ્રમાં ડૂબે છે. સામાન્યથી વિચારીએ તો "હલકાપણું - હળવાપણું" એ તરવાનો હેતુ છે. છતાં સ્પૃહા, આશા અને લોભવાળા જીવોમાં રહેલી લઘુતા (હળવાપણું) ભવમાં ડૂબાડવાનું કારણ બને છે. સ્પૃહાવાળો સતત આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં રહે છે.

નોંધ: જ્ઞાનસાર bookમાંથી સિંહગુફાવાસી મુનિ અને અષાઢાભૂતિ મુનિનું દૃષ્ટાંત વાંચવું. (Page no. 123-124).

૧૨મું નિઃસ્પૃહતા અષ્ટક　　　　શ્લોક - ૫

ગૌરવં પૌરવન્દ્યત્વાત્, પ્રકૃષ્ટત્વં પ્રતિષ્ઠયા
ખ્યાતિં જાતિગુણાત્ સ્વસ્ય, પ્રાદુષ્કુર્યાન્ન નિઃસ્પૃહઃ

શબ્દાર્થ: નિસ્પૃહ: = સ્પૃહારહિત મુનિ, પૌરવન્દ્યત્વાત્ = નગર વાસીઓ વંદન કરવા યોગ્ય હોવાથી, સ્વસ્ય = પોતાની, ગૌરવં = મોટાઈને, પ્રતિષ્ઠયા = પ્રતિષ્ઠા વડે, પ્રકૃષ્ટત્વં = સર્વોત્તમપણાને, જાતિગુણાત્ = ઉત્તમ જાતિગુણથી, ખ્યાતિં = પ્રસિદ્ધિને, ન પ્રાદુષ્કુર્યાન્ન = ન પ્રગટ કરે

શ્લોકાર્થ: સ્પૃહારહિત મુનિ નગરવાસીઓથી વંદન કરવા યોગ્ય હોવાથી (પોતાને મળતી) મોટાઈની, પ્રતિષ્ઠાથી પ્રાપ્ત થયેલા સર્વોત્તમપણાને, પોતાની ઉત્તમ જાતિગુણથી મળેલી પ્રસિદ્ધિને પ્રગટ ન કરે.

ભાવાર્થ: જે મુનિ નિઃસ્પૃહ છે એટલે કે લોકોમાં મારો યશ કેમ વધે? પ્રશંસા કેમ થાય? આવા પ્રકારની લૌકિક સ્પૃહાથી રહિત છે તે મુનિ ક્યારેય પણ પોતાની મોટાઈ ગાતા નથી, અર્થાત્ આત્મશ્લાઘાથી પર રહે છે.

જે આત્મા પોતાના ગુણો બીજાની સામે જાહેર કરે છે, તે બદલામાં સામા પાસેથી કંઈ ને કંઈ, છેવટે માન પણ મેળવવાની ઈચ્છાવાળો હોય છે. જેને બીજાની પાસેથી કંઈ પણ મેળવવાની સ્પૃહા નથી તેને પોતાના ગુણો બીજાની સામે ગાવાનું કંઈ કારણ નથી.

સાર એ છે કે બીજાની પાસેથી તુચ્છ સ્વાર્થ સાધવા માટે કે પ્રશંસા મેળવવા માટે આપણા કિંમતી અમૂલ્ય ગુણોને વેચી દેવા ન જોઈએ. જે માન-પૂજા કે તુચ્છ સ્વાર્થ માટે પોતાના ગુણો ગાય છે, ગવરાવે છે કે બીજા ગાય તેથી ખુશી થાય છે, તે પોતાના અમૂલ્ય ગુણોને તુચ્છ ક્ષણિક સુખની ખાતર વેચી દે છે - ગુમાવે છે અને નિર્ગુણ બની જાય છે.

નિઃસ્પૃહ મુનિને યશની અને મોટાઈની અભિલાષા ક્યારેય હોતી નથી.

૧૨મું નિઃસ્પૃહતા                                        શ્લોક-૭

ભૂશય્યા ભૈક્ષમશનં, જીર્ણં વાસો ગૃહં વનમ્
તથાપિ નિઃસ્પૃહસ્યાહો, ચક્રિણોઽપ્યધિકં સુખમ્

<u>શબ્દાર્થ:</u> નિઃસ્પૃહસ્ય = સ્પૃહારહિત મુનિને, ભૂશય્યા = પૃથ્વીરૂપ શય્યા, ભૈક્ષં = ભિક્ષાથી મળેલ, અશનં = ભોજન, જીર્ણં = જુનું, વાસઃ = વસ્ત્ર, વનમ્ = અરણ્યરૂપ, ગૃહં = ઘર, તથાપિ = તો પણ, અહો = આશ્ચર્ય છે કે, ચક્રિણોઽપિ = ચક્રવર્તીથી પણ, અધિકં = અધિક, સુખં = સુખ છે.

<u>શ્લોકાર્થ:</u> સ્પૃહારહિત મુનિને પૃથ્વીરૂપ શય્યા, ભિક્ષાથી મળેલ ભોજન, જુનું વસ્ત્ર અને અરણ્યરૂપ ઘર (છે), તો પણ આશ્ચર્ય છે કે (તેમને) ચક્રવર્તીથી પણ અધિક સુખ છે.

<u>ભાવાર્થ:</u> સાર એ છે કે રાજ્ય વૈભવના કે ઇન્દ્રાસનના સુખો મળે તો પણ તે તૃષ્ણાનો-સ્પૃહાને વધારનારા હોવાથી સ્પૃહા વધતી જાય છે અને તેને મેળવવાનાં વિવિધ દુઃખો સહન કરવા પડે છે, માટે સ્પૃહાવંતનો સ્વપ્ને પણ સુખ હોતું નથી, જે સુખ માને છે તે મિથ્યા કલ્પના છે. તેથી નિઃસ્પૃહ મુનિને બાહ્ય સુખની સામગ્રીનો અભાવ છતાં તે સંતોષથી ચક્રવર્તી કરતાં પણ અધિક સુખી હોય છે.

મુનિમહારાજાઓને (૧) ઊંઘવાનું સાધન, (૨) ભોજન, (૩) શરીર ઉપરનું વસ્ત્ર અને (૪) રહેઠાણ. આ ચારે પદાર્થો સંસારી જનો જેવા વ્યવસ્થિત સગવડતાવાળા હોતા નથી તો પણ માથા ઉપર કોઈપણ જાતની ઉપાધિ ન હોવાથી ચક્રવર્તી કરતાં પણ મનથી ઘણું સુખ હોય છે તે વાત આ શ્લોકમાં સમજાવે છે.

ટૂંકમાં આ શ્લોકનો ઉદ્દેશ એ છે કે સાચા સુખના અર્થીઓ બાહ્ય સુખની સ્પૃહાનો તજને સંતોષનો - નિઃસ્પૃહતાનો આનંદ માણવો જોઈએ. એ કારણે જ જ્ઞાનીઓ ભોગને તજને યોગનો સ્વીકારે છે અને તેથી તેઓને રાજા મહારાજાઓ પૂજે તો પણ નિઃસ્પૃહ બની સ્વતંત્રતાનો સ્વાદન આનંદ અનુભવે છે.

## ૨૨ મું નિસ્પૃહતા

શ્લોક-૯

પરસ્પૃહા મહાદુઃખમ્, નિઃસ્પૃહત્વં મહાસુખમ્
એતદુક્તં સમાસેન, લક્ષણં સુખદુઃખયોઃ

<u>શબ્દાર્થ:</u> પરસ્પૃહા = પર વસ્તુની ઇચ્છા, મહાદુઃખં = મહાદુઃખરૂપ છે, નિઃસ્પૃહત્વં = નિઃસ્પૃહપણું, મહાસુખં = મોટા સુખરૂપ છે, એતદ્ = એ, સમાસેન = સંક્ષેપથી, સુખદુઃખયોઃ = સુખ અને દુઃખનું, લક્ષણ = ચિહ્ન, ઉક્તં = કહ્યું છે.

<u>શ્લોકાર્થ:</u> પરની આશા-લાલસા કરવી તે મહાદુઃખ છે અને નિઃસ્પૃહપણું તે મહાસુખ છે. એ સંક્ષેપથી સુખ અને દુઃખનું લક્ષણ કહ્યું છે.

<u>ભાવાર્થ:</u> પરસ્પૃહા એટલે પરદ્રવ્યની સ્પૃહા, પરપદાર્થની ઇચ્છા, પરવસ્તુની આશા. સમસ્ત પુદ્ગલાસ્તિમય દ્રવ્ય એ પરદ્રવ્ય કહેવાય છે. કારણકે આત્મા ચેતન છે અને પુદ્ગલદ્રવ્ય જડ પદાર્થ છે માટે તે આત્માથી પરદ્રવ્ય છે. તેની ઇચ્છા કરવી તે જ મોટું દુઃખ છે.

જેમ પારકાના ધનને લેવાની ઇચ્છા કરવી, પારકાની પત્ની સાથે ભોગની ઇચ્છા કરવી, પારકાના ઘરમાં રહેવાની ઇચ્છા કરવી, પારકાના દાગીના ધારણ કરવાની તમન્ના કરવી તે જેમ દુઃખદાયી છે તેમ પરપદાર્થની સ્પૃહા એ જ મોટું દુઃખ છે, અને નિઃસ્પૃહતા રાખવી, કોઈપણ ~~પર~~ પ્રકારના પરદ્રવ્યનો <u>મોહ ન કરવો</u> તે જ મોટું સુખ છે.

જેમ સગાંવહાલાના માગીને લાવેલા દાગીના પહેરીએ અને પોતાના ખરીદેલા દાગીના પહેરીએ તો પારકાના દાગીનામાં ખોવાઈ જવાની, લુંટાઈ જવાની, ભાંગી-તુટી જવાની અને લોકોના મેણા સાંભળવાના ભયથી દુઃખ જ છે. પોતાના દાગીના પહેરવામાં કોઈ ચિંતા ન હોવાથી મનનો આનંદ સમાતો નથી. આમ નિઃસ્પૃહતામાં જ મોટું સુખ છે.

સ્પૃહા એટલે પરની આશા. જે કાર્ય કરવામાં પોતે સમર્થ ન હોય, તે જ પરપદાર્થોની અપેક્ષા રાખે. જે માણસ પોતે સ્વયં પગથી ચાલી શકતો ન હોય તે જ લાકડીના ટેકાની જેમ પરપદાર્થની અપેક્ષા રાખે. પરંતુ આત્મા સર્વ પદાર્થોનો બોધ કરવાના સ્વભાવવાળો છે. પોતાના શુદ્ધ સ્વરૂપના આનંદનો અનુભવ કરવાવાળો છે, સ્વરૂપની જ મસ્તીવાળો છે.

સાર એ છે કે દુઃખથી મુક્ત થવું હોય અને સુખ અનુભવવું હોય તો બાહ્ય-જડ પદાર્થોની સ્પૃહા છોડીને નિઃસ્પૃહ બનો.